P G V C L

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૫/ક્વા-૦૧/૨૦૨૩-૨૪/ ૨૨૦૫-૩ તારીખ : ૩૦ - ૦૬ - ૨૦૨૩

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
પેટ્રીયા હોસ્પિટાલિટીઝ પ્રા.લી.
એરપોર્ટ રોડ. ગોવિંદભાઈ સોલંકીની વાડી,
મું. પો. : રાજકોટ. તા. : રાજકોટ. જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૭
મોબાઈલ : ૯૮૭૯૩૫૯૦૩૫

વિષય : એચ.ટી. વીજજોડાણ ગ્રા. નં. ૨૯૨૯૭ ના વીજબીલ માં વિદ્યુત શુલ્ક ખોટી આકારની કરવા અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૩-૦૫-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૫/ક્વા-૦૧/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી.

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.
જે આપશ્રીને સુવિદિત થાય. આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ.

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ.
પ.ગુ.વી.કં.લી.. રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

**(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.**

**(૨) કાર્યપાલક ઈજનેરશ્રી. પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી. રાજકોટ શહેર-૨.**
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો. જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર. સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

**(૩) નાયબ ઈજનેરશ્રી. પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી. પ્રદ્યુમનનગર રાજકોટ શહેર.**

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૫/ક્વા-૧/૨૩-૨૪/ 2205-3 તા. 30-06-202

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર-૧૫/ક્વા-૧/૨૩-૨૪, તા.૩૧-૦૫-૨૦૨૩

અરજદાર : શ્રી પેટ્રીયા હોસ્પિટાલિટીઝ પ્રા.લી., મુ: રાજકોટ

રજૂઆત કરનાર : અરજદારશ્રી વતી મનીષભાઈ જે. રાવલ, મિહિરભાઈ એ. મણીયાર અને રાજુભાઈ પી. પીપરોતર

:: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર -૨

રજૂઆત કરનાર : શ્રી બી.એમ.પટેલ કાર્યપાલક ઈજનેર અને તેમની સાથે શ્રી જી. એમ. ગોહેલ, નાયબ અધીક્ષક, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨

:: કોરમ ::

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી આર.સી.પટેલ

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : તા.૨૨.૦૬.૨૦૨૩ (ગુરૂવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૨.૦૬.૨૦૨૩ (ગુરૂવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

:: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી પેટ્રીયા હોસ્પિટાલિટીઝ પ્રા.લી. રાજકોટ શહેર વિભાગીય કચેરી-૨ હેઠળ ગ્રાહક નં. ૨૬૨૬૭ થી ૧૫૦ કેવીએનું એચ.ટી. વીજજોડાણ માહે ફેબ્રુઆરી-૨૦૧૬ થી ધરાવે છે.

૨.૧ અરજદારના વીજબિલમાં વર્ષ-૨૦૨૦ સુધી વિદ્યુતશુલ્ક ૨૫% મુજબ ગણતરીમાં લેવાયેલ ત્યારબાદ વિદ્યુતશુલ્ક ૨૦% મુજબ ગણતરીમાં લેવાયેલ છે.

૨.૨ ગુજરાત સરકાર દ્વારા તા.30.03.૨૦૧૬ ના પ્રસિદ્ધ થયેલ જી.આર. મુજબ હોટલ તથા રેસ્ટોરન્ટના ધંધા માટે ૧૫% વિદ્યુતશુલ્ક લેવાનો હોય તે પરિપત્રના નિયમ મુજબના બધા પુરાવા સાથે સંલગ્ન વિભાગીય કચેરીમાં તા.૦૭.૧૨.૨૦૨૨ ના રોજ અરજી આપેલ અને અગાઉના વીજબિલમાં ખોટી વિદ્યુતશુલ્કની આકારણી કરવામાં આવેલ તે રીફંડની માંગણી કરેલ. સદર અરજી અનુસંધાને સદર વીજજોડાણમાં તા.૧૮.૧૨.૨૦૨૨ ના રોજ વીજબિલમાં ૧૫% મુજબ વિદ્યુતશુલ્ક લગાડવામાં આવેલ છે અને સદર

કનેકશનના વીજખાતામાં રૂ.૨,૦૪,૪૩૩/૫૮ જમા અપાયેલ છે. સદર જમા રકમ અંગેનું સ્ટેટમેન્ટ અરજદાર દ્વારા કચેરી પાસેથી માંગતા કચેરી દ્વારા પત્ર નં. RCD-2/REV/HT/682 તા.૧૮.૦૨.૨૦૨૩ ના સ્ટેટમેન્ટ મુજબ ઓકટોબર-૨૦૨૧ થી નવેમ્બર-૨૦૨૨ સુધીના સમયગાળાનું વિદ્યુતશુલ્ક જમા આપેલ છે.

૨.૩ ત્યારબાદ અરજદાર દ્વારા ફરીથી માર્ચ-૨૦૨૩ માં સંલગ્ન વિભાગીય કચેરીને વિનંતી કરેલ કે ગુજરાત સરકારના પરિપત્ર તા.૩૦.૦૩.૨૦૧૬ મુજબ વિદ્યુત શુલ્કની આકારણી કરી ઓકટોબર-૨૦૨૧ ને બદલે જ્યારથી બીલમાં વિદ્યુતશુલ્કની ખોટી આકારણી થયેલ છે તે જમા આપવી. પરંતુ સંલગ્ન કચેરી દ્વારા તા.૨૬.૦૪.૨૦૨૩ ના પત્ર નં. RCD-2/REV/HT/1659 થી જણાવેલ કે અરજદાર પાસે તા.૧૭.૦૩.૨૦૧૭ થી મનોરંજન લાયસન્સ છે પરંતુ ફૂડ એન્ડ ડ્રગનું લાયસન્સ પણ હોવું જરૂરી છે. જે લાયસન્સ અરજદાર પાસે ઓકટોબર-૨૦૨૧ થી છે તેથી તે સમયથી રકમ જમા આપેલ છે.

૨.૪ ઉપરોક્ત પત્ર નં: પીજીવીસીએલ/૬૪૧૦ તા.૦૧.૦૬.૨૦૧૬ માં જણાવ્યા મુજબ Hotel/Restaurant like license issued by Policy Authority food and Drug Authority નું ગુજરાતીકરણ કરતા હોટેલ કે રેસ્ટોરન્ટ બન્ને અલગ અલગ વ્યવસાય હોય શકે દરેક હોટેલમાં ફૂડ બનવાની કે સપ્લાય કરવાની સગવડતા ન પણ હોય શકે. અરજદારને હોટેલમાં જરૂરી મનોરંજન લાયસન્સ પોલીસ કમીશનર, રાજકોટ દ્વારા તા.૧૭.૦૩.૨૦૧૭ ના મેળવેલ છે જે વખતો વખત દરેક વર્ષ રીન્યુ કરાવેલ છે. અરજદારની હોટેલમાં ૨૦૨૧ માં ફૂડ સર્વિસ ચાલુ કરેલ જેનું ફૂડ એન્ડ ડ્રગ લાયસન્સ ૨૦૨૧-ઓકટોબર માં મેળવેલ છે, જે બંનેની નકલ તા.૦૭.૧૨.૨૦૨૨ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

૨.૫ વિદ્યુતશુલ્ક સમાહર્તા કચેરી દ્વારા તમામ ગુજરાત રાજયની વીજકંપનીને પત્ર તા.૦૭.૦૫.૨૦૧૬ થી મોકલાવેલ તે મુજબ પોલીસ અધિનિયમ ૧૯૫૧ હેઠળનું નોંધણી પ્રમાણપત્ર પ્રમાણ અથવા/અને ફૂડ ડ્રગ લાયસન્સ હોવું જરૂરી છે.

૨.૬ ઉપરોક્ત પત્ર મુજબ દરેક હોટેલમાં માત્ર રહેવાની સગવડતા હોય તેવી હોટેલમાં માત્ર મનોરંજન લાયસન્સની જરૂરીયાત હોય શકે, તે મુજબ અરજદારની હોટેલમાં અરજદારે રાજકોટ શહેર પોલીસ કમીશનર પાસેથી તા.૧૭.૦૩.૨૦૧૭ થી મનોરંજન લાયસન્સ મેળવેલ છે. જયારે ૨૦૨૧ થી ફૂડ સર્વિસ ચાલુ કરાયેલ ત્યારથી ૧૦/૨૦૨૧ થી ફૂડ એન્ડ ડ્રગ લાયસન્સ મેળવેલ છે. આમ, સદર રજુઆતને ધ્યાને રાખીને ખોટી વિદ્યુત શુલ્કની ગણતરી કરાયેલ છે, જે રીફંડ માંગેલ છે. પીજીવીસીએલ દ્વારા વિદ્યુતશુલ્કના પરીપત્રનું ખોટું અર્થઘટન કરી તા.૧૭.૦૩.૨૦૧૭ થી જે મનોરંજન લાયસન્સ મેળવેલ ત્યારથી સપ્ટેમ્બર-૨૦૨૧ સુધીના સમયની યોગ્ય ગણતરી કરી વિદ્યુતશુલ્કની રકમ જમા આપવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ લેખિત રજૂઆત પત્ર નં -૨૧૨૬ તા.૦૩-૦૬-૨૦૨૩ મુજબ અરજદારશ્રી ગ્રાહક નં.:- ૨૬૨૬૭ થી પેટ્રીયા હોસ્પીટાલીટીઝ પ્રા.લી. ના નામે એરપોર્ટ રોડ, રાજકોટ ખાતે HTP-1 કેટેગરીનું ૧૫૦ કેવીએનું વીજજોડાણ ધરાવે છે.

3.૧ અરજદાર દ્વારા તા.૦૭.૧૨.૨૦૨૨ ના રોજ વિદ્યુતશુલ્કની ખોટી આકારણીની રકમ રીફંડ લેવા માટે અરજી કરેલ હતી. જે અનુસંધાને માહે ડીસે-૨૦૨૨ ના વીજબીલમાં રૂ.૨૦૪૪૩૩.૫૮ વિદ્યુતશુલ્કની રકમ જમા આપેલ છે.

3.૨ અરજદાર દ્વારા તા.૦૯.૦૨.૨૦૨૧ (ઇનવર્ડ નં. ૧૮૮૯) ના રોજ જમા આપેલ વિદ્યુત શુલ્કની રકમનું સ્ટેટમેન્ટ માગેલ હતું જે વિભાગીય કચેરી દ્વારા તા.૧૬.૦૨.૨૦૨૩ના રોજ ગ્રાહકને મોકલેલ હતું.

3.3 અરજદાર દ્વારા તા.૧૩.03.૨૦૨૩ (ઇનવર્ડ નં.૨૯૨૮) ની અરજી મુજબ તા.૧૭.03.૨૦૧૭ થી વિધુતશુલ્કની રકમ રીફંડ માંગેલ હતી.

3.૪ ઉપરોક્ત બાબતે વિભાગીય કચેરી દ્વારા તા.૨૬.0૪.૨0૨૩ પત્ર નં-૧૬૫૯ મુજબ તા.૧૭.03.૨૦૧૭ થી પોલીસ કમિશ્નરશ્રીનું મનોરંજન લાઇસન્સ રજૂ કરેલ છે. પરંતુ લોકલ ઓથોરીટીનું ફૂડ એન્ડ ડ્રગ્સનું લાયસન્સ સામેલ ન હોવાથી તા.૧૭.03.૨૦૧૭ થી વિધુત શુલ્કની રકમ જમા આપેલ નથી. વધુમાં કોર્પોરેટ ઓફીસનો પત્ર નં. PGVCL/Reg. Cell/૬૪૧૦ તા.૨૧.૦૭.૨૦૧૬ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

::હુકમ::

૪.0 અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની ફરિયાદ અન્વયે મેં.પેટ્રીયા હોસ્પિટાલિટીઝ પ્રા.લી. રાજકોટ શહેર વિભાગીય કચેરી-૨ હેઠળ ગ્રાહક નં. ૨૬૨૬૭ થી ૧૫૦ કેવીએનું એચ.ટી. વીજજોડાણ માહે ફેબ્રુઆરી-૨૦૧૬ થી ધરાવે છે. ગુજરાત સરકાર દ્વારા તા.30.03.૨૦૧૬ ના જી.આર. મુજબ હોટલ તથા રેસ્ટોરન્ટ માટે વીજકરનો દર ૨૫% થી ઘટાડી એચ.ટી.વીજજોડાણ માટે ૧૫% અને એલ.ટી.વીજજોડાણ માટે ૧૦% વીજકર વસુલવાની જોગવાઈ કરેલ છે. જે અંતર્ગત તમામ હોટલ/રેસ્ટોરન્ટના વીજગ્રાહકો પાસેથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ હેઠળનું નોધણી પ્રમાણપત્ર અથવા/અને ફૂડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન, ગુજરાત રાજ્યનું ખાદ્ય સુરક્ષા ધોરણો ૨૦૦૬ હેઠળના પરવાનાની અદ્યતન નકલ મેળવી તે આધારે ઘટાડેલ દરે વીજકર વસુલવાનો રહે છે. જેના અનુસંધાને રાજકોટ શહેર વિભાગીય કચેરી-૨ ખાતે તા.0૭.૧૨.૨૦૨૨ ના રોજ જરૂરી આધાર પુરાવા સાથે અરજી કરેલ જે અન્વયે તા.૧૮.૧૨.૨૦૨૨ ના રોજ વીજબીલમાં ૧૫% ના દરે વિદ્યુતશુલ્ક લગાડવામાં આવે છે તેમજ બીલમાં ઓકટોબર-૨૦૨૧ થી નવેમ્બર-૨૦૨૨ સુધીના સમયગાળાની વિદ્યુતશુલ્ક રકમ રૂ.૨૦૪૪૪૩/૫૮ જમા મળેલ છે. પરંતુ માર્ચ-૨૦૧૭ થી સપ્ટેમ્બર-૨૦૨૧ સુધીના વિદ્યુતશુલ્ક રકમ જમા મળેલ ન હોય અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

૪.૨ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલની લેખિત રજુઆત તા.03.0૬.૨૦૨૩ મુજબ અરજદાર દ્વારા તા.0૭.૧૨.૨૦૨૨ ના રોજ એચ.ટી. વીજજોડાણ નં.૨૬૨૬૭ માં વિદ્યુત શુલ્ક ૨૦% વસુલ કરવામાં આવે છે જે ગુજરાત સરકારના તા.30.03.૨૦૧૬ ના જી.આર. અન્વયે વિજશુલ્ક ફેબ્રુઆરી-૨૦૧૬ થી આજદિન સુધી વિજ્શુલ્ક ૧૫% લેખે વસુલવા અને વધુ વસુલેલ વિજ્શુલ્કની રકમ રીફંડ આપવા પીજીવીસીએલની રાજકોટ શહેર-૨ વિભાગીય કચેરીમાં અરજી આપતા તા.0૮.૧૨.૨૦૨૨ ના રોજ ઈન્વર્ડ થયેલ છે જે અનુસંધાને સદર વીજજોડાણમાં વધુ વસુલેલ વીજશુલ્કની રકમ ડીસેમ્બર-૨૦૨૨ ના વીજબિલમાં રૂ.૨૦૪૪૩/૫૮ જમા આપેલ છે. ત્યારબાદ અરજદારની અરજી તા.0૯.0૨.૨૦૨૩ અન્વયે સદર જમા આપેલ રકમનું વિગતવાર સ્ટેટમેન્ટ અરજદારને તા.૧૬.0૨.૨૦૨૩ ના રોજ મોકલાવેલ છે. ત્યારબાદ અરજદારની અરજી તા.૧૩.03.૨૦૨૩ અન્વયે ગુજરાત સરકારના જી.આર.તા.30.03.૨૦૧૬ મુજબ વીજશુલ્કની રકમ આકારણી કરી જમા આપવી તે મુજબ સદર વીજજોડાણ અન્વયે પોલીસ કમિશ્નર રાજકોટ દ્વારા મનોરંજન લાઈસન્સ તા.૧૭.03.૨૦૧૭ થી મંજુર થયેલ છે અને વખતો વખત રીન્યુ કરેલ છે. જેથી બીલમાં વધુ વસુલેલ વીજશુલ્કની રકમ તા.૧૭.03.૨૦૧૭ થી જમા આપવા પીજીવીસીએલ પક્ષકારને રજુઆત કરેલ છે. અરજદારની સદર અરજી અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૨૬.0૪.૨૦૨૩ થી પ્રત્યુતર પાઠવેલ છે તે મુજબ ફૂડ અને ડ્રગનું લાઈસન્સ તા.૧૭.03.૨૦૧૭ થી હોવું જરૂરી છે પરંતુ અરજદાર દ્વારા ઓક્ટોબર-૨૦૨૧ પહેલાનું સદર સર્ટીફીકેટ રજુ કરેલ ન હોવાથી વીજશુલ્કની રકમ જમા આપેલ નથી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૩ (૧) ઉપરોક્ત બાબતે જીયુવીએનએલ/જી.એમ.(કોમ.)/૫૩૨ તા.૦૪.૦૭.૨૦૧૬ થી વીજવિતરણ કંપનીને ગુજરાત ઈલેક્ટ્રીસીટી ડ્યુટી એક્ટમાં થયેલ સુધારણા અન્વયે હોટલ/રેસ્ટોરન્ટ અને હોસ્પિટલ માં ગુજરાત રાજય સરકારના જી.આર. નં.૩૮૪/ઈ તા.30.03.૨૦૧૬ મુજબ વીજકર ૨૫% ને બદલે ૧૫% એચ.ટી. વીજજોડાણ માટે અને ૧૦% એલ.ટી. વીજજોડાણ માં તા.૦૧.૦૪.૨૦૧૬ બાદ જરૂરી દસ્તાવેજી આધાર-પુરાવા ચકાસણી કરીને ઘટાડેલ દરે વીજકર વસુલ કરવો

(૨) સદર કેસમાં ઉપરોક્ત જી.આર. મુજબ વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી દ્વારા પત્ર નં.ડી/સચન/સધર/૫-૨૦૧૬/૧૫૭૨૯-૩૮ તા.૦૭.૦૫.૨૦૧૬ ના પરિપત્ર માં કરેલ જોગવાઈ મુજબ "......હોટલ-રેસ્ટોરન્ટના વીજગ્રાહક પાસેથીમુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ હેઠળ નોધણી પ્રમાણપત્ર અથવા/અને ફૂડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન, ગુજરાત રાજયનું ખાદ્ય સુરક્ષા ધોરણો ૨૦૦૬ હેઠળના પરવાનાની અદ્યતન નકલ મેળવી તે આધારે ઘટાડેલ દરે વીજકર વસુલવાનો રહે છે. ..."

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

(૩) ઉપરોક્ત પરિપત્રને ગુજરાત ઉર્જા નિગમ લિમીટેડના પત્ર નં - જીયુવીએનએલ/જીએમ(કોમ)/૫૩૨ તા.૦૪.૦૭.૨૦૧૬ મુજબ ગુજરાત ઈલેક્ટ્રીસીટી ડ્યુટી એક્ટના સુધારાનું પાલન કરવા અંગે જીયુવીએનએલ હેઠળની વીજકંપનીને જાણ કરેલ છે, તે મુજબ "હોટલ / રેસ્ટોરન્ટ સુધારેલ વીજકર એચ.ટી. ગ્રાહકો માટે ૨૫% માંથી ૧૫% અને એલ.ટી. ગ્રાહકો માટે ૧૦% કરેલ વીજવપરાશી યુનીટ પર <u>પોલીસ ઓથોરીટી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ લાઈસન્સ, ફૂડ અને ડ્રગ ઓથોરીટીનું લાઈસન્સ અને/અથવા અન્ય સરકારી/ લોકલ ઓથોરીટી</u> દ્વારા ઇસ્યુ કરેલ લાઈસન્સની ચકાસણી કરી તા.૦૧.૦૪.૨૦૧૬ બાદ ઘટાડેલ દરે વીજકર વસુલવા સુચના આપેલ છે.

૪.૪ અરજદારની સદર વીજજોડાણમાં વીજકર ઘટાડાની અરજી તા.૦૭.૧૨.૨૦૨૨ અન્વયે રજુ કરેલ નીચે મુજબના આધાર-પુરાવા પીજીવીસીએલની સંલગ્ન કચેરીમાં રજુ કરેલ છે.

(૧) રાજકોટ પોલીસ કમિશ્નર દ્વારા મનોરજન લાયસન્સ ક્રમાંક : રાજ / સીધી / એલબી-૩ / ૨૨૪ /૨૦૧૭ માં તા.૧૭.03.૨૦૧૭ થી તા.૩૧.૧૨.૨૦૨૨ સુધી રીન્યુ થયેલ અંગેની નોંધ છે.

(૨) ફૂડ એન્ડ ડ્રગ કન્ટ્રોલ એડમિનિસ્ટ્રેશન ગુજરાત સરકાર દ્વારા મેં.પેટ્રીયા હોસ્પિટાલિટીઝ પ્રા.લી.ને લાયસન્સ નંબર ૧૦૭૨૧૦૩૦૦૦૦૩૪૬ તા.૦૧.૧૦.૨૦૨૧ થી ઇસ્યુ કરેલ છે, જે તા.૩૦.૦૯.૨૦૨૨ સુધી મંજુર કરેલ છે.

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં ૪.૪ મુજબની વિગતે લાયસન્સ (૧) અને (૨) ને ધ્યાનમાં લઈને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારના એચ.ટી. વીજજોડાણમાં ઓકટોબર-૨૦૨૧ થી નવેમ્બર-૨૦૨૨ સુધીમાં વસુલેલ વીજકર ૨૦% ને બદલે ૧૫% ગણતરી કરીને અરજદારને માહે ડિસેમ્બર-૨૦૨૨ ના વીજબીલમાં રૂ.૨,૦૪,૪૪૩.૩૫ જમા આપેલ છે.

૪.૬ ઈલેક્ટ્રીસીટી ડ્યુટી એક્ટ-૧૯૫૮ માં થયેલ સુધારા અંતર્ગત વીજશુલ્ક સમાહર્તા કચેરી દ્વારા ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. ની ચારેય વીજ વિતરણ કંપનીઓના ક્ષેત્રીય બીલીંગ સેન્ટરો ખાતે સદરહુ કામગીરી સાથે સંકળાયેલ કર્મચારી ગણ સાથે ઓક્ટોબર-૨૦૧૮ થી ડીસેમ્બર-૨૦૧૮ દરમ્યાન યોજાયેલ ચર્ચા/વાર્તાલાપ સંબંધી થયેલ મીટીંગની કાર્યવાહી નોંધના મુદ્દા નં-૦૪ અને ૦૫ નીચે મુજબ નોંધાયેલ છે.

મુદ્દા નં – (૪) "....... નવા વીજ જોડાણ માટેની અરજી (એ-૧ ફોર્મ) માં વીજવપરાયશનો ચોકકસ હેતુ દર્શાવેલ હોય તો જ ફોર્મ સ્વીકારવામાં આવશે અને તે મુજબ લાગુ પડતા વીજકર દર માટે કોમ્બી કોડ આપવામાં આવશે. વધુમાં, ચર્ચા થયા મુજબ, હાલ જે જોડાણોમાં વીજકર દર યોગ્ય કરવાની જરૂર

જણાય ત્યાં, પુરતી ચકાસણી/સ્થળ તપાસણી કરીને બીલીંગ સેન્ટર લેવલે આવા દર ચાલુ બીલીંગ સાયકલથી જ યોગ્ય કરી શકાશે. આવા યોગ્ય દર કરાયેલ કેસોની યાદી દર માસે ચકાસણી કરેલ અધિકારી ના નામ અને હોદ્દા સાથે વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી, ગાંધીનગર તેમજ સંબંધિત વિદ્યુત શુદ્ધ નિરીક્ષક ને મોકલી આપવાની રહેશે. આવા કેસોમાં કોઈ પણ કિસ્સામાં પાછલું વીજકર રીફંડ આપવાનું થતું નથી તેની ખાસ તકેદારી રાખવી."

મુદ્દા નં - (૫) "તાજેતરમાં હોસ્પીટલ અને હોટેલના જોડાણમાં વીજકર દર ચાર્જ કરવાના સુધારા થયેલ છે. તે મુજબ, આવાં જોડાણોને જે તે બીલીંગ સેન્ટર ખાતેથી જ જે તે દરે ચાર્જ થાય તે જરૂરી છે. આવા કેસોમાં, ગ્રાહકે અત્રેથી પ્રમાણપત્ર મેળવવાનું રહે તેવો આગ્રહ રાખવો નહીં. આ પ્રકારના કે અન્ય કોઇ પ્રકારના કેસોમાં વીજકરનું કોઇ પ્રકારનું રીફંડ આપવાનું થતું નથી.

પ્રસ્તુત બાબતે આ કચેરીની સ્થાયી સુચનાઓ હોવાથી તેનો અમલ કરવાનો રહે છે.વધુમાં, જો આવું વીજ જોડાણ સંબંધિત હોટેલ કે હોસ્પીટલ ના નામે ના હોય, પરંતુ સંબંધિત હોટેલ કે હોસ્પીટલ દ્વારા રજૂ કરાયેલ જરૂરી પ્રમાણપત્રમાં જણાવેલ સરનામું અને વીજ જોડાણમાંનું સરનામું એક હોય તો, આવો લાભ આપી શકાય."

૪.૭ ઉપરોક્ત મુદ્દા નં ૪.૬ને ધ્યાને લેતા વિધુતશુલ્કની વસુલાત વીજકંપની રાજ્ય સરકાર વતી વીજબીલમાં કરે છે અને તે વિધુતશુલ્કની રકમ રાજ્ય સરકારશ્રી વિધુત સમાહર્તા કચેરીમાં જમાં કરાવવાની વીજ-કંપનીની જવાબદારી છે. આમ વિધુતશુલ્કના દરો અને વસુલાત વીજ વિતરણ કંપનીઓ કરે છે તે **Gujarat Electricity Duty Act-1958** તેમજ તેના નીચે બનાવવામાં આવલે નિયમો હેઠળ કરે છે, નહિ કે વિધુત-અધિનયમ-૨૦૦૩ તથા તેના બનાવવામાં આવલે નિયમો તેમજ હુકમો હેઠળ.

આમ **Gujarat Electricity Duty Act-૧૯૫૮** કે જે એક રાજ્ય સરકારશ્રી દ્વારા બનાવવામાં આવેલ કાયદો છે, જયારે વિદ્યુત-અિધનયમ-૨૦૦૩ તે કેન્દ્ર સરકાર દ્વારા ઘડવામાં આવલે કાયદો છે તે એકબીજાની વિભિન્ન છે, અને આમાનાં એક કાયદાની કલમો બીજા કાયદા પર લાગુ ન પાડી શકાય. આમ વિધુતશુલ્કના દર તથા તેની વસુલાત **Gujarat Electricity Duty Act** હેઠળ કરવામાં આવે છે.

૨૦૦૩ ના વીજળી અધિનયમ (૨૦૦૩ નો ૩૬ મો)ની કલમ ૪૨ ની પેટા કલમો ૦૫ થી ૦૭ માં સોપાયેલ સતાની રૂએ નામદાર વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા ગ્રાહકોની ફરિયાદોના નિવારણ માટે રાજ્યમાં ફોરમની સ્થાપના કરવા વિતરણ પરવાનેદારોને અને આયોગ દ્વારા લોકપાલની નિમણુક માટે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ વિનિયમો-૨૦૧૯ મુજબ ગ્રાહકોની ફરિયાદોની પતાવટ માટેની સમયમર્યાદા કાર્યપદ્ધતિ અને તેને લગતી આનુષાગિક અને ગૌણ બાબતો આવરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

આમ ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લેતા અરજદારની વીજકર રીફંડ મેળવવા અંગેની રજૂઆત ફોરમ અને લોકપાલ વિનિયમો-૨૦૧૯ ના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ થતી ન હોવાથી અરજદારની અરજી દફતરે કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (આર.સી.પટેલ) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |